
For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in


# ભારતીય ખેલાડીઓની સાથે ન્યૂઝીલેન્ડની ટીમનું વડોદરામાં આગમન,આજથી નેટ પ્રેક્ટિસ શરૂ


શુભમન ગિલ


વિરાટ કોહલી


કાયલ જેમિસન


કેન વિલયમ્સ


જેમ્સ નિષમ


ડેવોન કોન્વે


માઇકલ બિશ્વેલ


ટોમ લેથોમ

(પ્રતિનિધિ), વડોદરા | તા. 7

કોટંબીમાં ભારત ન્યૂઝીલેન્ડની વન ડે ઓડીઆઇ મેચની તૈયારી પૂરજોશમાં શરૂ કરવામાં આવી ગઈ છે. ત્યારે બંને ટીમ પૈકી ભારતમાંથી સ્ટાર ક્રિકેટર વિરાટ કોહલી અને શુભમન ગીલ સાથે ન્યૂઝીલેન્ડની સમગ્ર ટીમ વડોદરા હવાઈ મથકે આવી પહોંચી હતી.

જ્યાં પહેલેથી જ તેમની એક ઝલક નિહાળવા માટે મોટી સંખ્યામાં ક્રિકેટ પ્રેમીઓ ઉમટી પડ્યા હતા. ભારતની ટીમ અને ન્યૂઝીલેન્ડની ટીમ બંને વડોદરાની અલગ અલગ ખ્યાતનામ હોટલમાં રોકાણ કરશે. આગામી 11મી જાન્યુઆરીના રોજ ભારત અને ન્યૂઝીલેન્ડ વનડે મેચ રમાશે, તે પૂર્વે 8 જાન્યુઆરીએ ગુરૂવારના રોજ બપોરે 1:30 વાગ્યાથી ન્યૂઝીલેન્ડ કોટંબીમાં પ્રેક્ટિસ કરશે. જ્યારે ભારતીય ખેલાડીઓ સાંજે 5:30 થી 8:30 વાગ્યા સુધી પ્રેક્ટિસ કરશે અને આગામી 9મી જાન્યુઆરીએ પણ બંને ટીમના ખેલાડીઓ દ્વારા સતત ત્રણ ત્રણ કલાક સુધી પ્રેક્ટિસ કરવામાં આવશે અને 10 મી જાન્યુઆરીએ પણ બંને ટીમો ત્રણ કલાક નેટ પ્રેક્ટિસ કરશે. જ્યારે બીજી તરફ બંને ટીમોના ખેલાડીઓની સુરક્ષા માટે બીસીએ અને પોલીસ વિભાગ દ્વારા એક્શન પ્લાન ઘડી દેવામાં આવ્યો હતો.

**કડક કાર્યવાહીથી શહેરના અન્ય રેસ્ટોરન્ટ અને કેફે સંચાલકોમાં પણ ફફડાટ વ્યાપી ગયો**

## પાર્કિંગના નામે ‘ગાર્ડન’! નિયમ ભંગ બદલ મુજમહુડાનું કેફે ‘સ્પિરિટ ઓફ ઈન્ડિયા’ સીલ

પાલિકાએ ગ્રાહકોના વાહનો રોડ પર પાર્ક થતા હોવાની ફરિયાદને આધારે મોડી રાત્રે વિઝિટ કર્યા બાદ આજે રેસ્ટોરન્ટને તાળા માર્યા




(પ્રતિનિધિ) વડોદરા, તા.1

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના પશ્ચિમ વિસ્તારમાં ટ્રાફિક અને પાર્કિંગની સમસ્યાને લઈને લાલ આંખ કરવામાં આવી છે. મુજમહુડા વિસ્તારમાં આવેલી ‘સ્પિરિટ ઓફ ઈન્ડિયા’ મલ્ટીક્યુઝન રેસ્ટોરન્ટ અને કેફેને ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા સીલ કરી દેવામાં આવી છે. પાર્કિંગ માટે ફાળવવામાં આવેલી જગ્યાનો અન્ય વ્યવસાયિક હેતુ માટે ઉપયોગ કરવા બદલ આ કાર્યવાહી કરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, અકોટા બ્રિજથી મુજમહુડા તરફ જતી રોડ પર આવેલી આ રેસ્ટોરન્ટ સામે અવારનવાર ટ્રાફિક જામની ફરિયાદો ઉઠતી હતી. રેસ્ટોરન્ટમાં આવતા ગ્રાહકોના વાહનો જાહેર રોડ પર પાર્ક થતા હોવાથી સ્થાનિકો અને રાહદારીઓને ભારે હાલાકી ભોગવવી પડતી હતી. આ ફરિયાદોના આધારે કોર્પોરેશનના બિલ્ડિંગ ઈન્સ્પેક્ટર ગૌરવ પટેલ અને તેમની ટીમે ગત રાત્રે સ્થળ તપાસ કરી હતી, જેમાં પાર્કિંગની ગંભીર અવ્યવસ્થા જોવા મળી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, રેસ્ટોરન્ટના પ્લાન મુજબ જે જગ્યા પાર્કિંગ માટે રાખવાની હતી, ત્યાં સંચાલકોએ એમ્યુનિટીઝના નામે ગાર્ડન અને ચિલ્ડ્રન પ્લે એરિયા બનાવી દીધા હતા. આ ઉપરાંત પાર્કિંગ એરિયામાં ફેસિલિટી કેબિન પણ મૂકવામાં આવ્યા હતા. આ નિયમભંગ બદલ ટાઉન પ્લાનિંગ શાખાએ આજે સવારે રેસ્ટોરન્ટ સીલ કરવાની કામગીરી હાથ ધરી હતી. અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે જ્યાં સુધી પાર્કિંગની જગ્યા ખુલ્લી કરવામાં નહીં આવે, ત્યાં સુધી આગળની કોઈ મંજૂરી આપવામાં આવશે નહીં.બીજી તરફ, રેસ્ટોરન્ટના સંચાલકો આશય ગાંધી અને મનીષ શર્માએ કોર્પોરેશનની આ કાર્યવાહી સામે નારાજગી વ્યક્ત કરી હતી.

### ગોત્રીમાં 'અમૃતસરી કુલ્યા' રેસ્ટોરન્ટને પણ નોટિસ ફટકારી

મુજમહોડા રોડ પર આવેલા અનન્યા કોમ્પ્લેક્ષની બહાર ફૂટપાથ અને માર્જિનની જગ્યામાં લારી-ગલ્લા દ્વારા કરવામાં આવેલા ગેરકાયદે દબાણો બાબતે દુકાનદારો અને લારીધારકોને નોટિસ પાઠવી છે. તેવી જ રીતે, ઓલ્ડ પાદરા રોડ (OP Road) પર આવેલા તોરણ કોમ્પ્લેક્ષમાં પણ માર્જિન અને રોડ સાઇડ પાર્કિંગમાં અવરોધરૂપ લારી-ગલ્લાઓ હટાવવા માટે નોટિસ આપી કડક સૂચના આપવામાં આવી છે. તથા ગોકુલ પાર્ટી પ્લોટ પાસે આવેલી 'અમૃતસરી કુલ્યા' નામની રેસ્ટોરન્ટ કોઈપણ પ્રકારની મંજૂરી વિના બિનપરવાનગી અને ગેરકાયદેસર રીતે બાંધવામાં દૂર કરવા માટે તાકીદે સૂચના આપવામાં આવી છે.

**ફૂટપાથ પચાવી પાડી કેબિન ઊભી કરનાર સંચાલકોને પાલિકાનો જોરદાર ફટકો; રહીશોની ફરિયાદ બાદ તંત્ર એક્શનમાં**

## વડોદરા પાલિકાના ‘મેજિક’ સામે કેફેનું ‘ઓવન’ ઠંડુ પડ્યું: માંજલપુરમાં ગેરકાયદે દબાણ પર સીલ




(પ્રતિનિધિ) વડોદરા, તા.7

મહાનગરપાલિકાની ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા ગેરકાયદે બાંધકામ અને પાર્કિંગની જગ્યામાં દબાણ કરનારા એકમો સામે ઝુંબેશ તેજ કરવામાં આવી છે. જે અંતર્ગત શહેરના માંજલપુર વિસ્તારમાં દીપ ચેમ્બર ચાર રસ્તા પાસે આવેલા ‘ઓવન મેજિક એન્ડ કેફે’ દ્વારા કરવામાં આવેલા ગેરકાયદે દબાણ સામે પાલિકાએ લાલ આંખ કરી છે અને કેફેને સીલ કરવાની કાર્યવાહી હાથ ધરી છે.

માંજલપુર વિસ્તારમાં ગીતા સર્કલ પાસે આવેલા રાધાકૃષ્ણ એપાર્ટમેન્ટના ગ્રાઉન્ડ ફ્લોર પર ‘ઓવન મેજિક’ નામની બે દુકાનો આવેલી છે. આ કેફેના સંચાલકો દ્વારા રિનોવેશન દરમિયાન ફૂટપાથ અને પાર્કિંગની ખુલ્લી જગ્યામાં કેબિન મૂકીને વ્યવસાય કરવામાં આવતો હતો. આ ઉપરાંત, સંચાલકોએ દુકાનના શટર આગળ વધારીને ગેરકાયદે એક્સટેન્શન પણ કર્યું હતું. આ ગેરકાયદે બાંધકામ અને ઉપયોગને કારણે એપાર્ટમેન્ટના ઉપરના માળે રહેતા રહીશોને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો, જેના પગલે તેઓએ પાલિકામાં લેખિત ફરિયાદ કરી હતી. પાલિકાની ટાઉન પ્લાનિંગ શાખાએ અગાઉ આ અંગે નોટિસ આપી હતી અને કામગીરી સ્થગિત કરવા સૂચના આપી હતી. આમ છતાં, સંચાલકોએ સૂચનાને અવગણીને બાંધકામ ચાલુ રાખ્યું હતું અને કેબિન દ્વારા વેપાર શરૂ રાખ્યો હતો.બિલ્ડિંગ ઈન્સ્પેક્ટર ખુશબુ પ્રજાપતિએ મીડિયાને જણાવ્યું હતું કે, “અગાઉ રહીશોની ફરિયાદના આધારે નોટિસ આપવામાં આવી હતી, તેમ છતાં સંચાલકો દ્વારા કોઈ તજવીજ હાથ ધરવામાં આવી નહોતી. ગેરકાયદે રીતે શટર આગળ વધારવા અને પાર્કિંગની જગ્યામાં કેબિન મૂકીને થતા વપરાશને રોકવા માટે આજે વહીવટી વોર્ડ-17 ની ટીમ દ્વારા આ મિલકતને સીલ કરવાની કામગીરી કરવામાં આવી છે.

પાલિકાની આ કડક કાર્યવાહીથી અન્ય ગેરકાયદે દબાણ કરનારા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે. પાલિકાએ સ્પષ્ટ સંકેત આપ્યો છે કે ટ્રાફિક અને પાર્કિંગમાં અડચણરૂપ બનતા કોઈપણ ગેરકાયદે એકમોને બક્ષવામાં આવશે નહીં.

**મફતમાં લાઈફ ટાઈમ ક્રેડિટ કાર્ડની લાલચ બેંકના નિવૃત્ત કર્મચારીને ભારે પડી**

## બેંક ઓફ ઈન્ડિયાના નિવૃત્ત કર્મચારી સાથે 25.48 લાખની સાયબર ઠગાઈ

નાગરિકોએ કોઇપણ જાતની લોભામણી સ્કીમો ઉપર ધ્યાન અપવુ નહિ અને સાવચેતી રાખવા અનુરોધ કરાયો

### નાગરિકોને ચેતવણી

બેંક ક્યારેય ફોન, મેસેજ કે APK ફાઈલ દ્વારા કાર્ડની વિગતો, OTP કે પાસવર્ડ માગતી નથી. “ફ્રી ક્રેડિટ કાર્ડ” કે “લાઈફ ટાઈમ ઓફર”ના ફોન આવે તો તરત જ સાવચેત થવું જરૂરી છે.

(પ્રતિનિધિ) વડોદરા, તા.7

વડોદરા શહેરમાં સાયબર ઠગાઈના બનાવો સતત વધી રહ્યા છે. તાજા બનાવમાં દિવાળીપુરા વિસ્તારમાં રહેતા બેંક ઓફ ઈન્ડિયાના નિવૃત્ત સિનિયર કર્મચારી સાથે ભેજાબાજોએ રૂપિયા 25.48 લાખની મોટી ઠગાઈ કરી હોવાનું સામે આવ્યું છે. “લાઈફ ટાઈમ ક્રેડિટ કાર્ડ ફ્રી” આપવાની લાલચ આપીને વૃદ્ધને ખોટી લિંક પર ક્લિક કરાવી ખાતું ખાલી કરાયું હતું.

પ્રાપ્ત માહિતી મુજબ, દિવાળીપુરાની નર્મદા નગર સોસાયટીમાં રહેતા સતિષ અમરતલાલ શાહના મોબાઈલ પર (ઉ.વ. 84) ગત 11 ઓગસ્ટના રોજ એક અજાણ્યા નંબર પરથી ટેક્સ્ટ મેસેજ આવ્યો હતો. જેમાં બેંકના સિનિયર ઓફિસરોને 5 લાખ લિમિટવાળું લાઈફ ટાઈમ ક્રેડિટ કાર્ડ મફતમાં આપવાની સ્કીમ દર્શાવી “YES” લખીને જવાબ આપવા જણાવ્યું હતું. લાલચમાં આવી વૃદ્ધે YES રિપ્લાય કર્યો હતો.

બાદમાં 13 ઓગસ્ટે અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો અને ક્રેડિટ કાર્ડ પ્રોસેસ માટે એક લિંક મોકલવામાં આવી. આ લિંક “BOI CREDIT VERIFICATION.apk” નામની હતી.

લિંક ઓપન કરી તેમાં ડેબિટ કાર્ડની વિગતો અને મોબાઈલ એપ્લિકેશન પાસવર્ડ ભરતા જ થોડીવારમાં OTP અને ઓનલાઈન ટ્રાન્ઝેક્શનના મેસેજ આવવા લાગ્યા. ભેજાબાજોએ અલગ-અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા ખાતામાંથી રૂપિયા 25.48 લાખ ઉપાડી લીધા હતા. ઠગાઈની જાણ થતાં વૃદ્ધે તાત્કાલિક બેંકના ટોલ ફ્રી નંબર પર સંપર્ક કરી એટીએમ કાર્ડ બ્લોક કરાવ્યું હતું. ત્યારબાદ ખાતાની તપાસ કરતા મોટી રકમ ટ્રાન્સફર થઈ હોવાનું ખુલ્યું. અંતે તેમણે સાયબર ક્રાઇમ પોલીસનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવી છે.

### કરજણ તાલુકાની કંડારી પ્રાથમિક શાળામાં સાફ સફાઈ કરતી વિદ્યાર્થિનીનો વિડીયો વાયરલ



( પ્રતિનિધિ )વડોદરા,તા.7

કરજણ તાલુકાના કંડારી પ્રાથમિક શાળામાં સાફ સફાઈ કરતી વિદ્યાર્થીનીનો સોશિયલ મીડિયામાં વિડીયો વાઈરલ થયો હતો. આ વિડીયોમાં બાળકોને અભ્યાસ કરાવવાને બદલે સાફ સફાઈ કરાવવામાં આવી રહી છે. જોકે આ ઘટનામાં વિદ્યાર્થિની જાતે સાફ સફાઈ કરી રહી છે કે તેની પાસે કરાવવામાં આવી રહી છે, તે તપાસનો વિષય છે. પરંતુ આ વીડિયોમાં એક નાની બાળકી મોબ વડે કલાસરૂમ બહારની પરિસરમાં પોતું મારતી નજરે પડી છે.

## શિકારની શોધમાં ડીપી પર ચડી ગયેલી દીપડીનું વીજ કરંટ લાગતા મોત, જયારે અન્ય એક બનાવમાં છાણી ટીપી 13 વિસ્તારમાં 30 ફૂટ ઊંચા ટાવર પર ફસાઈ ગયેલી સમડીનું ફાયરબ્રિગેડના જવાનો દ્વારા દિલધડક રેસ્ક્યુ





■ વડોદરા : વડોદરા જિલ્લાના પોર પાસે આવેલા અણખી દોલતપુરા રોડ પર એક દીપડી અચાનક ડીપી ઓર ચડી ગઈ હતી. શિકારને પકડવાની કોશિષમાં દીપડી ડીપી પર ચડી હોવાનું અનુમાન લગાવાયું હતું. દીપડી વીજ ડીપી સુધી કઈ રીતે પહોંચી ગઇ તે અંગે પણ સ્થાનિકોમાં આશ્ચર્ય ફેલાયું છે. આ ઘટનાની જાણ કરવામાં આવતા વન વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને દીપડીના મૃતદેહને ડીપી પરથી ઉતારી પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. નોંધનીય છે કે, બિલ્લી કુળની મનાતી પ્રજાતીના મોતને પગલે વન વિભાગે પણ જરૂરી તપાસ આદરી હતી. વડોદરાના ફોરેસ્ટ ઓફિસર કરણસિંહ રાજપૂત અને તેમના કર્મીઓએ નિયમ અનુસાર દીપડીના અંતિમ સંસ્કાર કર્યા હતા. વર્ષ 2016 માં દીપડાની સંખ્યા 6 જેટલી હતી નોંધાઈ હતી. જ્યારે, સાત વર્ષ બાદ એટલે કે બે વર્ષ પહેલાની 2023ની વસ્તી ગણતરીમાં દીપડાની કુલ વસતી 26 નોંધાઈ હતી. જયારે અન્ય એક બનાવમાં છાણી ટીપી 13 વિસ્તારમાં 30 ફૂટ ઊંચા ટાવર પર ફસાઈ ગયેલી સમડીનું ફાયરબ્રિગેડના જવાનો દ્વારા દિલધડક રેસ્ક્યુ કરવામાં આવ્યું.

**સમગ્ર સારવાર અને સર્જરી સયાજી હોસ્પિટલમાં સંપૂર્ણ નિ:શુલ્ક કરવામાં આવી**

## હિજાબની 4mm તીક્ષ્ણ પિન ગળી જતા 15 વર્ષીય કિશોરીનો જીવ જોખમમાં



(પ્રતિનિધિ) વડોદરા, તા.7

વડોદરાની સયાજી હોસ્પિટલમાંથી આજે એક અજીબો-ગરીબ પરંતુ ચેતવણીરૂપ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. મુંબઈથી સગા સંબંધીઓને મળવા વડોદરા આવેલી 15 વર્ષીય ઈશરા શાહ નામની કિશોરી અચાનક હિજાબમાં લગાવવામાં આવતી 4mmની તીક્ષ્ણ પિન ગળી ગઈ, જેના કારણે તેનો જીવ જોખમમાં મુકાઈ ગયો હતો. ઘટના બન્યાના માત્ર બે-ત્રણ કલાકમાં જ કિશોરીને સયાજી હોસ્પિટલમાં લાવવામાં આવી હતી. તપાસ દરમિયાન કરાયેલા એક્સ-રેમાં ખુલ્યું કે પિન શ્વાસનળીના વિભાજન ભાગ પાસે ડાબી બાજુના નીચેના ફેફસાંમાં અટવાઈ ગઈ હતી. પરિસ્થિતિની ગંભીરતા જોતા તાત્કાલિક એનેસ્થેશિયા નિષ્ણાતની મદદથી કિશોરીને ઓપરેશન થિયેટરમાં લઈ જવામાં આવી.

ENT વિભાગના નિષ્ણાંત ડૉ. રાહુલ ગુપ્તાની ટીમે બ્રોન્કોસ્કોપી પદ્ધતિ દ્વારા લગભગ 45 મિનિટથી એક કલાકની જટિલ સર્જરી કરી, કોઈ ચીરો પાડ્યા વગર પિન સફળતાપૂર્વક બહાર કાઢી હતી. ડૉ. ગુપ્તાએ જણાવ્યું કે પિન ગળા પરથી ફેફસાં સુધી ઘણી અંદર સુધી પહોંચી ગઈ હતી અને કાઢતી વખતે તે થોડી વળી પણ ગઈ હતી, જેના કારણે પ્રક્રિયા મુશ્કેલ બની હતી. સદનશીબે સમયસર સારવાર મળતા કિશોરીના ફેફસાંને કોઈ ગંભીર નુકશાન થયું ન હતું. ડૉક્ટરે વધુમાં જણાવ્યું કે સેફ્ટી પિન જેવી તીક્ષ્ણ વસ્તુઓ ફેફસા કે હૃદય સુધી ગંભીર ઈજા પહોંચાડી શકે છે, તેથી આવા કિસ્સામાં સમયસર હોસ્પિટલ પહોંચવું અત્યંત મહત્વપૂર્ણ છે. બે દિવસ સુધી એન્ટિબાયોટિક ઈન્જેક્શન અને પોસ્ટ-ઓપરેટિવ ચેસ્ટ એક્સ-રે બાદ કિશોરીને સંપૂર્ણ સ્વસ્થ જાહેર કરી રજા આપવામાં આવી છે. ખાસ નોંધનીય બાબત એ છે કે આ સમગ્ર સારવાર અને સર્જરી સયાજી હોસ્પિટલમાં સંપૂર્ણ નિઃશુલ્ક કરવામાં આવી હતી, જ્યારે ખાનગી હોસ્પિટલમાં આ પ્રકારની સર્જરીનો અંદાજિત ખર્ચ 60,000 થી 70,000 સુધીનો થાય છે.

**શહેરમાં અકસ્માતોની વધતી ઘટનાનો સિલસિલો યથાવત**

## ન્યૂ સમા રોડ પર હિટ એન્ડ રન, ચાર રાહદારીઓને અડફેટે લઈ કારચાલક ફરાર



(પ્રતિનિધિ) વડોદરા, તા.7

વડોદરા શહેરમાં અકસ્માતોની વધતી ઘટનાનો સિલસિલો યથાવત છે. મંગળવારે મોડી રાતે શહેરના ન્યૂ સમા રોડ વિસ્તારમાં વધુ એક ગંભીર હિટ એન્ડ રનનો બનાવ સામે આવ્યો છે.

અભિલાષા ચાર રસ્તાથી સમા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ તરફ જતા માર્ગ પર આવેલા સ્વાતિ બસ સ્ટેન્ડ પાસે એક અજાણ્યા કારચાલકે ચાર રાહદારીઓને અડફેટે લીધા હતા અને ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો. આ અકસ્માતમાં શાકભાજીની લારી લઈ જઈ રહેલા એક વ્યક્તિને ગંભીર ઈજા થતાં તેને તાત્કાલિક સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યારે અન્ય ત્રણ રાહદારીઓમાંથી એક કપલને નજીકની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા છે. પ્રાપ્ત માહિતી મુજબ, મહિલાને વધુ ઈજાઓ હોવાથી CT સ્કેન માટે લઈ જવામાં આવી હતી.

બનાવની જાણ થતાં જ સમા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. પોલીસે ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા રાહદારીઓની પૂછપરછ શરૂ કરી છે અને ફરાર કારચાલકને શોધવા માટે તપાસનો દોર ઝડપી બનાવ્યો છે. સદનશીબે આ ઘટનામાં મોટી જાનહાની ટળી, પરંતુ ફરી એકવાર સવાલ ઊભો થયો છે કે વડોદરામાં અકસ્માતોના બનાવોમાં લગામ ક્યારે લાગશે? સાથે સાથે ટ્રાફિક પોલીસની કામગીરી અને માર્ગ સુરક્ષાને લઈને પણ અનેક પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે.